Wednesday
25.02.2026
*Volume :10 * Issue No.228
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

જય જય ગરવી ગુજરાત
વંદે માતરમ્
RNI No.:GUJGUJ/2016/73451

# કમલમ્

KAMALAM
ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક
Daily

*Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-

# ઈસ્કોનના સ્થાપક આચાર્ય શ્રીલ પ્રભુપાદજીના ગુજરાતી જીવનચરિત્ર "વિશ્વગુરુ શ્રીલ પ્રભુપાદ" પુસ્તકનું મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે વિમોચન

## અક્ષયપાત્ર દ્વારા દરરોજ ગુજરાતના ૫ લાખ સહિત દેશભરના ૨૩.૫ લાખ બાળકોને પૌષ્ટિક ભોજન પીરસાય છે:હરેકૃષ્ણ મૂવમેન્ટના વાઇસ ચેરમેન શ્રી ચંચલપતિ દાસ









મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

- સામાન્ય માણસ જ્યારે મુશ્કેલીમાં હારી જાય, ત્યારે ભગવદગીતા જ જીવનનો સાચો માર્ગ
- શ્રીલ પ્રભુપાદજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સિક્કો અને પોસ્ટલ સ્ટેમ્પ બહાર પાડીને પ્રભુપાદજીના વૈશ્વિક પ્રભાવને કરાયા સન્માનિત
- આ પુસ્તક ગુજરાતના યુવાનોથી માંડીને દરેક પેઢી માટે આશીર્વાદરૂપ સાબિત થશે

કમલમ્,

ભારતીય આધ્યાત્મિકતા અને વૈદિક જ્ઞાનને વૈશ્વિક ફલક પર ગુંજતું કરનાર ઈસ્કોનના સંસ્થાપક આચાર્ય શ્રીલ પ્રભુપાદજીના પ્રેરણાદાયી જીવન પર આધારિત ગુજરાતી જીવનચરિત્ર "વિશ્વગુરુ શ્રીલ પ્રભુપાદ" પુસ્તકનું ભવ્ય વિમોચન મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગાંધીનગર ખાતે કરવામાં આવ્યું હતું. આ પુસ્તક દેશના 'આધ્યાત્મિક રાજદૂત' શ્રીલ પ્રભુપાદજીના અસાધારણ સંઘર્ષ, તેમની વૈશ્વિક આધ્યાત્મિક યાત્રા અને વિશ્વભરમાં ભારતીય સંસ્કૃતિના પ્રસારમાં તેમના અમૂલ્ય યોગદાનને ઉજાગર કરે છે. શ્રીલ પ્રભુપાદજીના પુસ્તક વિમોચન પ્રસંગે અભિનંદન આપતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, શ્રીલ પ્રભુપાદજીની યાત્રા સંઘર્ષોથી ભરેલી હતી, પરંતુ શ્રી કૃષ્ણ પરના તેમના અતૂટ વિશ્વાસે તેમને અપાર સફળતા અપાવી હતી. સામાન્ય માણસ જ્યારે મુશ્કેલીમાં હારી જાય છે, ત્યારે ભગવદગીતાના સંદેશ થકી મળેલ દ્રઢ વિશ્વાસ જ જીવનનો સાચો માર્ગ બતાવે છે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, શ્રીલ પ્રભુપાદજીની ૧૫૦મી જન્મજયંતી નિમિત્તે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા સિક્કો અને પોસ્ટલ સ્ટેમ્પ બહાર પાડીને પ્રભુપાદજીના વૈશ્વિક પ્રભાવને સન્માનિત કરવામાં આવ્યો હતો. આ પુસ્તકના લેખિકા ડૉ. ઉષાબેનને અભિનંદન આપતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ડૉ. ઉષાબેને શ્રીલ પ્રભુપાદજીના જીવન ચરિત્રને ગુજરાતીમાં વર્ણવીને રાજ્યની જનતા સુધી તેમના પ્રભાવશાળી વિચારો પહોંચાડવાનું ભગીરથ કાર્ય કર્યું છે. શ્રીમદ ભગવદગીતામાં અપાયેલ સંદેશ વિશે વર્ણવતા મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, ઉત્કૃષ્ટ વ્યવહારિક જીવન જીવવા માટે ગીતાનો મહિમા અનિવાર્ય છે. શ્રી કૃષ્ણના જીવન પ્રસંગો દ્વારા સમજાવવામાં આવ્યું હતું કે અધર્મનો નાશ નિશ્ચિત છે, આપણે માત્ર ધીરજ અને આંતરિક શાંતિ જાળવી રાખવી જરૂરી છે. શ્રી રામના આચરણ અને શ્રી કૃષ્ણના વચનોને જીવનમાં ઉતારી મોક્ષ તરફનો રસ્તો સરળ બને છે. તેમણે જણાવ્યું હતું કે, ઈસ્કોન દ્વારા વિશ્વભરમાં ભૌતિકતા પાછળ દોડતા નાગરિકોને આધ્યાત્મિકતા તરફ વાળવાનું જે કાર્ય થયું છે તે અદભૂત છે. વિદેશી ભક્તો જે રીતે સર્વસ્વ ત્યાગીને કૃષ્ણ ભક્તિમાં લીન થાય છે, તે તેમના સંપૂર્ણ સમર્પણનો પુરાવો છે. આ પુસ્તક ગુજરાતના યુવાનોથી માંડીને દરેક પેઢી માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આમ મુખ્યમંત્રીશ્રીએ શ્રીલ પ્રભુપાદજીના વિરલ વ્યકિતત્વ અને વિશ્વભરમાં કૃષ્ણ ભક્તિના પ્રસારમાં તેમના યોગદાનને બિરદાવ્યું હતું. ગ્લોબલ હરેકૃષ્ણ મૂવમેન્ટના કો–મેન્ટર અને વાઈસ ચેરમેન શ્રી ચંચલાપતિ દાસે શ્રીલ પ્રભુપાદના જીવન પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, ૭૦ વર્ષની ઉંમરે, માત્ર ૪૦ રૂપિયા સાથે કાર્ગો જહાજમાં અમેરિકા જઈને તેમણે હરે કૃષ્ણ મંત્રને વિશ્વવ્યાપી બનાવ્યો હતો. દરિયાઈ મુસાફરી દરમિયાન બે વાર હૃદયરોગના હુમલા સહન કરવા છતાં, ગુરુની આજ્ઞા પાળવા માટે તેઓ મક્કમ રહ્યા. તેમના પ્રયાસોથી જ વિશ્વભરમાં ૧૦૮થી વધુ કૃષ્ણ મંદિરોની સ્થાપના થઈ છે. આ પ્રસંગે તેમણે અક્ષયપાત્રના સેવાયજ્ઞ કાર્યક્રમ દરમિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિઝન અને અક્ષયપાત્ર ફાઉન્ડેશનના સંયુક્ત પ્રયાસોને યાદ કર્યા હતા. ગુજરાતમાં વર્ષ ૨૦૦૭માં તત્કાલીન મુખ્યમંત્રી અને વર્તમાન વડાપ્રધાનશ્રીએ ઈસ્કોનને ગુજરાતમાં સેવા કરવા નિમંત્રણ આપ્યું હતું. તેમણે ગાંધીનગરમાં એક સામાન્ય શેડમાં અક્ષયપાત્રના રસોડાનું ઉદ્ઘાટન કરી સ્વહસ્તે બાળકોને ભોજનપીરસીને આ સેવાયજ્ઞનો પ્રારંભ કરાવ્યો હતો. આજે અક્ષયપાત્ર ગુજરાતના ૫ સ્થળોએ દરરોજ ૫ લાખ બાળકોનેપૌષ્ટિક ભોજન પૂરું પાડે છે. સમગ્ર ભારતમાં આ આંકડો ૨૩.૫ લાખ બાળકો સુધી પહોંચ્યો છે. આ પુસ્તક દ્વારા ગુજરાતના નાગરિકો શ્રીલ પ્રભુપાદના સંઘર્ષમય જીવન અને ભક્તિ માર્ગની વધુ નજીક આવશે તેવી આશા તેમણે વ્યક્ત કરી હતી. આ પુસ્તકના લેખિકા ડૉ. ઉષા ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, શ્રીલ પ્રભુપાદનું જીવન એ અપ્રતિમ સાહસ, ધૈર્ય અને માનવજાત પ્રત્યેની અસીમ કરુણાનું જીવંત ઉદાહરણ છે. તેમણે ૬૯ વર્ષની જૈફ વયે પશ્ચિમની ભૌતિકતાવાદી સંસ્કૃતિમાં કૃષ્ણભક્તિના બીજ રોપ્યા હતા. તેમણે માત્ર ધર્મનો પ્રચાર જ ન કર્યો, પરંતુ વ્યસનોમાં ડૂબેલા યુવાનોને વૈદિક સંસ્કારો થકી એક નૈતિક સમાજની રચના કરી હતી. વિશ્વભરમાં ૧૦૮ મંદિરોની સ્થાપના અને રશિયા કે આફ્રિકા જેવા વિષમ ભૌગોલિક અને રાજકીય વિસ્તારોમાં પણ 'હરે કૃષ્ણ' મહામંત્ર ગુંજતો કરવો એ તેમની અકલ્પ્ય સિદ્ધિ છે. શ્રી પ્રભુપાદે માત્ર આધ્યાત્મિક જ્ઞાન જ ન આપ્યું, પણ 'અક્ષય પાત્ર' જેવી સેવા દ્વારા ભૂખ્યાને ભોજન કરાવી માનવતાનો સાચો ધર્મ શીખવ્યો છે. આજે જ્યારે ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત વિશ્વગુરુ બનવા તરફ અગ્રેસર છે, ત્યારે શ્રી પ્રભુપાદે દાયકાઓ પહેલા જ એક 'આધ્યાત્મિક રાજદૂત' તરીકે ભારતની સનાતન સંસ્કૃતિને વિશ્વભરમાં પ્રસિદ્ધ કરી હતી, તેમ તેમણે ઉમેર્યું હતું. હરે કૃષ્ણ મૂવમેન્ટ, અમદાવાદ દ્વારા આયોજિત પુસ્તક વિમોચન પ્રસંગે શિક્ષણ મંત્રી શ્રી પ્રદ્યુમન વાજા, મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ, ઈસ્કોન હરેકૃષ્ણ મંદિર અમદાવાદના પ્રમુખ શ્રી જગન્મોહન કૃષ્ણ દાસ, સાહિત્યકાર શ્રી ભાગ્યેશ જહા સહિત વિદ્વાનો, શિક્ષણવિદો અને મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# રાજ્યપાલશ્રીનું અભિભાષણ ગુજરાતના 'પાસ્ટનો ફીડબેક' અને 'ફ્યુચરનો રોડમેપ' છે: નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી



૨૦મી સદીનું 'કરફ્યુ અને ટેક્કર રાજ' ભૂતકાળ બન્યું, ૨૧મી સદીનું ગુજરાત શાંતિ અને સમૃદ્ધિનું પર્યાયઃ શ્રી હર્ષ સંઘવી

કમલમ્,

ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં રાજ્યપાલશ્રીના અભિભાષણ પરના આભાર પ્રસ્તાવમાં સહભાગી થતા નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ વિપક્ષ પર આકરા પ્રહાર કરવાની સાથે સરકારની સિદ્ધિઓનો ચિતાર રજૂ કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે, રાજ્યપાલશ્રીનું સંબોધન એ માત્ર ઔપચારિકતા નથી, પરંતુવિકસિત ગુજરાત થકી વિકસિત ભારત બનાવવાના સંકલ્પનો પવિત્ર દસ્તાવેજ છે. રાજ્યપાલશ્રીનું અભિભાષણ ગુજરાતના 'પાસ્ટનો ફીડબેક' અને 'ફ્યુચરનો રોડમેપ' છે. નાયબ મુખ્યમંત્રીશ્રીએ ભૂતકાળની સરખામણી કરતા જણાવ્યું હતું કે, ૨૦મી સદીમાં કોંગ્રેસ શાસિત ગુજરાતની ઓળખ કરફ્યુ, કોમી રમખાણો અને ટેક્કર રાજ પૂરતી સીમિત હતી. વર્ષ ૨૦૦૧માં શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતનું સુકાન સંભાળ્યા બાદ રાજ્યમાં કાયમી શાંતિ સ્થપાઈ છે. આજે 'કરફ્યુ' શબ્દ ગુજરાતની ડિક્શનરીમાંથી ભૂંસાઈ ગયો છે અને રાજ્યની દીકરીઓ અડધી રાત્રે પણ નિર્ભયતાથી ફરી શકે છે. જે પથ્થરો ક્યારેક રમખાણોમાં ફેંકાતા હતા, આજે એ પથ્થરોનો ઉપયોગ વિશ્વકક્ષાની હોસ્પિટલો અને યુનિવર્સિટીઓના નિર્માણ માટે થઈ રહ્યો છે. રાજ્ય સરકાર માટે ગરીબ એ વોટબેંક નથી પણ 'દરિદ્ર નારાયણ' છે તેમ જણાવતા શ્રી સંઘવીએ કહ્યું કે, 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના' હેઠળ ૭૫ લાખ પરિવારોના ૩.૧૮ કરોડ નાગરિકોને વિનામૂલ્યે અનાજ અપાઈ રહ્યું છે. 'વન નેશન વન રેશનકાર્ડ' યોજનાથી ગરીબો-શ્રમિકો ગમે ત્યાંથી અનાજ મેળવી શકે છે. ગુજરાતમાં ૧૦ લાખથી વધુ લોકોને પાકા ઘર આપ્યા બાદ, આ વર્ષે વધુ ૩.૧૫ લાખ આવાસો આપવાનું લક્ષ્ય છે. 'આયુષ્માન ભારત-મા કાર્ડ' હેઠળ ૨.૭૨ કરોડ નાગરિકોને રૂ. ૧૦ લાખ સુધીની કેશલેસ સારવાર સુલભ બનાવી છે. યુવા વિકાસના આંકડા રજૂ કરતા નાયબ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, તાજેતરમાં જ તા.૧૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ ગુજરાતે ૧,૦૦,૧૩૫ MSME યુનિટ્સ સર્ટિફાઈડ કરીને નવો રેકોર્ડ બનાવ્યો છે. નેશનલ સ્ટાર્ટઅપ રેન્કિંગમાં ગુજરાત સતત પાંચમી વાર 'બેસ્ટ પરફોર્મર' રહ્યું છે. વર્ષ ૨૦૨૪ થી ૨૦૩૩ દરમિયાન ૨ લાખથી વધુ સરકારી જગ્યાઓ ભરવાનું ૧૦ વર્ષનું 'ભરતી કેલેન્ડર' જાહેર કરાયું છે. ડિસેમ્બર ૨૦૨૫ સુધીમાં ૧૨૬૮ ભરતી મેળાઓ દ્વારા ૭૨,૧૨૮ યુવાનોને રોજગારી મળી છે. ખેડૂતો વિશે વાત કરતા તેમણે કહ્યું કે, હવે ગુજરાતમાં 'ટેક્કર રાજ' નહીં પણ 'નર્મદા રાજ' છે. 'કિસાન સૂર્યોદય યોજના' દ્વારા દિવસે વીજળી અને ૬૦ લાખ ખેડૂતોના ખાતામાં 'પીએમ કિસાન નિધિ' હેઠળ સન્માન સાથે સીધા નાણાં જમા થઈ રહ્યા છે. તાજેતરમાં જ કુદરતી આફત સમયે રાજ્ય સરકારે ૧૧,૦૦૦ કરોડનું ઐતિહાસિક રાહત પેકેજ આપી ખેડૂતોનો હાથ પકડ્યો છે અને સરકાર ખેડૂતોની પડખે ઊભી રહી છે. શ્રી હર્ષ સંઘવીએ વિપક્ષના નકારાત્મક વલણની ટીકા કરતા ઉમેર્યું હતું કે, વિરોધ પક્ષ માત્ર 'વિરોધની રાજનીતિ' જાણે છે જ્યારે ભાજપ સરકાર 'વિકાસની રાજનીતિ' માં માને છે. ગુજરાતની વિકાસયાત્રા 'સૌનો સાથ, સૌનો વિકાસ'ના મંત્ર સાથે અવિરત ચાલુ રહેશે.

# વસતી ગણતરી-૨૦૨૭ ચોકસાઈ, પારદર્શિતા અને ડિજીટલ ગવર્નન્સમાં બેન્ચમાર્ક સ્થાપિત કરશે: મુખ્ય સચિવ શ્રી એમ. કે. દાસ

## ભારતની વસતી ગણતરી ૨૦૨૭ના પ્રથમ તબક્કા માટે ગાંધીનગર ખાતે ગુજરાતમાં પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર્સની વિશેષ બેઠક યોજાઈ




કમલમ્,

ભારત સરકારના રજિસ્ટ્રાર જનરલ અને સેન્સસ કમિશનરની કચેરી દ્વારા આયોજિત વસતી ગણતરી-૨૦૨૭ના પ્રથમ તબક્કાની તૈયારીઓ અંતર્ગત ગુજરાત, દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રિન્સિપલ સેન્સસ ઓફિસર્સની વિશેષ બેઠક મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે યોજાઈ હતી. મુખ્ય સચિવ શ્રી એમ.કે.દાસે જણાવ્યું હતું કે, વસતી ગણતરી-૨૦૨૭ ચોકસાઈ, પારદર્શિતા અને ડિજીટલ ગવર્નન્સમાં બેન્ચમાર્ક સ્થાપિત કરશે. ભારતની વસતી ગણતરી દેશનો સૌથી મોટો અને મહત્વનો વહીવટી કાર્યક્રમ છે. વર્ષ ૨૦૨૭ની વસતી ગણતરી અત્યંત મહત્વની છે કારણકે દરેક નીતિ નિર્ણય માટે આ આંકડા આપણા રાષ્ટ્રના સર્વાંગી વિકાસ માટે જરૂરી બનશે. રાજ્યના શહેરી વિસ્તારોમાં વસતી ઝડપથી વધી રહીહોવાના કારણે આગામી વિકાસલક્ષી કાર્યોમાં આ વસતીના આંકડા પાયારૂપ સાબિત થશે. અગાઉ આ પ્રક્રિયામાં ૩ થી ૪ વર્ષ લાગતા હતા એવી ગણતરીમાં ડિજિટલ ટૂલ્સનો ઉપયોગ થવાથી આ પ્રક્રિયાને વેગ મળશે. શ્રી એમ.કે.દાસે ઉમેર્યું કે, વસતી ગણતરી-૨૦૨૭ એ માત્ર વૈધાનિક પ્રક્રિયા નથી પરંતુ એવો પાયો છે જેના પર રાષ્ટ્રના ભવિષ્યનુંઆયોજન, જનહિતલક્ષી યોજનાઓના લક્ષ્યાંક અને વિકાસલક્ષી વ્યૂહરચનાઓ નિર્ભર રહેશે. જેમાં રાજ્યના દરેક જિલ્લા તેમજ શહેરી કક્ષાએ જવાબદારી સાથે ઝીણવટભર્યું આયોજન હોવું આવશ્યક છે. રાજ્ય સરકાર સર્વોચ્ચ વહીવટી સજ્જતા સાથે વસતી ગણતરી-૨૦૨૭ સુપેરે પાર પાડવા પ્રતિબદ્ધ છે તેમ પણ તેમણે ઉમેર્યું હતું. ભારતના રજિસ્ટ્રાર જનરલ અને વસતી ગણતરી કમિશનર શ્રી મૃત્યુંજય કુમાર નારાયણે જણાવ્યું હતું કે, ભારતમાં પ્રથમ સમકાલીન વસતી ગણતરી વર્ષ ૧૮૮૧માં યોજાઈ હતી અને ત્યારબાદ વર્ષ ૨૦૧૧ સુધી પ્રતિ દસ વર્ષે વસતી ગણતરી અવિરત ચાલી આવી છે. તેમણે વસતી ગણતરીની વ્યૂહરચના, રોડમેપ, કામગીરીઓ અને ડિજિટલ પાસાઓ પર વિગતે ચર્ચા કરતા જણાવ્યું હતું કે, વસતી ગણતરીની સફળતા જિલ્લાકલેક્ટરોઅનેમ્યુનિસિપલ કમિશનરોના સક્રિય નેતૃત્વ, સમર્થન અને સતત નિરીક્ષણ પર નિર્ભર છે. તેથી, આ કાર્યને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા તેમણે સૌ અધિકારીઓને સૂચન કર્યું હતું. મહેસુલ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી જયંતિ રવિએ જણાવ્યું હતું કે, આ વખતે રજિસ્ટ્રાર જનરલની કચેરી દ્વારા સમગ્ર દેશ માટે અનેક નવીન પહેલો કરવામાં આવી છે. ટેકનોલૉજીનો વ્યાપક ઉપયોગ કરીને વસતી ગણતરીનું કાર્ય હાથ ધરવામાં આવશે, જે વાસ્તવિક સમયમાં પારદર્શિતા લાવશે અને ડેટાનું વિવિધ રીતે વિશ્લેષણ સરળ બનાવશે. તેમણે ઉમેર્યું હતું કે, પ્રથમ વખત મકાન સૂચિકરણ તબક્કામાં પણ સ્વ-ગણતરીની ડિજીટલ સુવિધા રજૂ કરવામાં આવશે, જેમાં નાગરિકોની સક્રિય ભાગીદારી મેળવી તેમને આ કાર્યના મહત્વના ભાગીદાર બનાવવાનો પ્રયાસ કરવામાં આવશે. ગુજરાતના વસતી ગણતરી નિયામક શ્રી સુજલ મયાત્રાએ જણાવ્યું હતું કે, વસતી ગણતરીની કામગીરીએ વિશ્વની સૌથી મોટી અને જટિલ વહીવટી કામગીરીઓમાંની એક કામગીરી છે, જે ભારતની સંસ્થાકીય મજબૂતી દર્શાવે છે. તેમણે ઉમેર્યું કે, પ્રતિ દસ વર્ષે દેશની વસતીની આંકડાકીય માહિતીની ગણતરી હાથ ધરવામાં આવે છે. જેની વિગતો વિવિધ સંસાધનોની ફાળવણી, શહેરી આયોજન, કલ્યાણ યોજનાઓ અને લક્ષિત હસ્તક્ષેપો માટે અત્યંત મહત્વપૂર્ણ છે. આગામી ૨૦૨૭ની વસતી ગણતરી વધુ વિશેષ એટલા માટે છે કે, તે ડેટા-આધારિત અને ટેક્નોલોજી-સુસજ્જિત શાસનના યુગમાં થઈ રહી છે તેમ તેમણે ઉમેર્યું હતું. આ બેઠકમાં સામાન્ય વહીવટ વિભાગના સચિવ શ્રી આર્દ્રા અગ્રવાલે આ કાર્યક્રમની સજ્જતા અંગે વિસ્તૃત માહિતી આપી હતી. ઉપરાંત, આ બેઠકમાં ગુજરાતના વસતી ગણતરી નિયામકની કચેરી દ્વારા વિવિધ વહીવટી અને તકનીકી પાસાઓ પર વિગતવાર પ્રેસન્ટેશન સાથે વિશેષ ચર્ચા કરવામાં આવી હતી. જેમાં HLO Phase-I હેઠળ રાજ્યમાં મકાનો, રહેણાંક એકમો અને ઘરોની વિગતવાર યાદી તૈયાર કરવાની કામગીરીનું આયોજન, તાલીમ, કર્મચારીઓની નિમણૂક અને ડિજિટલ સ્વ-ગણતરી ((Self-Enumeration)ની સુવિધા જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૦૨૭ની વસતી ગણતરી બે તબક્કામાં યોજાશે જેમાં પહેલા તબક્કામાં ઘર યાદી અને આવાસ ગણતરી (House Listing & Housing Census) થશે જ્યારે બીજા તબક્કામાં વસતી ગણતરી (Population -Enumeration) હાથ ધરવામાં આવશે. ગુજરાતમાં HLOની કામગીરી આગામી એપ્રિલ-મે વર્ષ ૨૦૨૬ દરમિયાન શરૂ થશે, જેમાં નાગરિકોને ઓનલાઈન સ્વ-માહિતી ભરવાની સુવિધા પણ ઉપલબ્ધ રહેશે. આ કાર્યક્રમમાં શહેરી વિકાસ અને આવાસ વિભાગના અગ્રસચિવ શ્રી એમ. થેન્નારસન, પંચાયત વિભાગના અગ્ર સચિવ શ્રી ધનંજય દ્વિવેદી સહિત જિલ્લા કલેક્ટરશ્રીઓ અને મ્યુનિસિપલ કમિશનરો હાજર રહ્યા હતા.

# કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના 'ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ' વિઝનને ભારતના ઉત્પાદકક્ષેત્રનું હાર્દ ગણાવ્યું; કહ્યું કે ૨૦૪૭ સુધીમાં ઈ૩૦–૩૫ ટ્રિલિયન ઈકોનોમી માટે ગુણવત્તા ચાવીરૂપ છે

## ૩૮ વિકસિત રાષ્ટ્રો સાથેના નવ FTAs વૈશ્વિક વેપારના બે તૃતીયાંશ ભાગને આવરી લે છે; શ્રી ગોયલે ઉદ્યોગોને ઉચ્ચ ગુણવત્તાના ધોરણો સાથે માર્કેટ એક્સેસનો લાભ લેવા વિનંતી કરી



કમલમ્,

કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે આજે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગુણવત્તા ભારતની મેન્યુફેક્ચરિંગ અને નિકાસ ઈકોસિસ્ટમનો નિર્ણાયક મંત્ર બનવી જોઈએ, અને દાવો કર્યો હતો કે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું "ઝીરો ડિફેક્ટ, ઝીરો ઈફેક્ટ"નું વિઝન અમૃત કાળમાં ભારતની વિકાસ ગાથાના આધારસ્તંભ તરીકે કામ કરશે. આ પહેલને પ્રધાનમંત્રીના વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝન સાથે જોડીને, મંત્રીએ કહ્યું કે ૨૦૪૭ સુધીમાં $30–35 ટ્રિલિયન અર્થતંત્ર બનવાની ભારતની મહત્વાકાંક્ષા ત્રણ સ્તંભો પર ટકેલી છે — ઝીરો ડિફેક્ટ (ગુણવત્તા), ઝીરો ઈફેક્ટ (ટકાઉપણું), અને સમાન તક (સર્વસમાવેશકતા). ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) દ્વારા ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) સાથેની ભાગીદારીમાં આયોજિત પ્રથમ નેશનલ ક્વોલિટી કોક્લેવને સંબોધતા, શ્રી ગોયલે, જેઓ વર્ચ્યુઅલી આ કાર્યક્રમમાં જોડાયા હતા, તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે કોઈ પણ દેશ માત્ર ઉપભોક્તા તરીકે પ્રગતિ કરી શકે નહીં; તેણે ઉચ્ચ ગુણવત્તાની વસ્તુઓ અને સેવાઓના વૈશ્વિક સ્તરે માન્યતા પ્રાપ્ત ઉત્પાદક તરીકે પોતાની જાતને સ્થાપિત કરવી જ જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે બ્રાન્ડ ઈન્ડિયા ગુણવત્તા, વિશ્વસનીયતા અને વિશ્વાસ માટે ઊભી રહેવી જોઈએ. ભારત છેલ્લા ચાર વર્ષથી વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મોટી અર્થવ્યવસ્થા છે અને આગામી બે થી અઢી વર્ષમાં ત્રીજું સૌથી મોટું GDP બનવા માટે તૈયાર છે તેની નોંધ લેતા તેમણે કહ્યું કે દેશનું $2 ટ્રિલિયન નિકાસ લક્ષ્ય — જેમાં આગામી છ થી સાત વર્ષમાં $1 ટ્રિલિયન મર્ચેન્ડાઈઝ અને $1 ટ્રિલિયન સેવાઓનો સમાવેશ થાય છે — તે માત્ર બિન-સમાધાનકારી ગુણવત્તાના ધોરણો દ્વારા જ હાંસલ કરી શકાય છે. ભારતના વિસ્તરતા વેપાર આઉટરીચ પર પ્રકાશ પાડતા, શ્રી ગોયલે જણાવ્યું હતું કે ૩૮ વિકસિત દેશો સાથે છેલ્લા ત્રણ થી સાડા ત્રણ વર્ષમાં ફાઈનલાઈઝ કરાયેલા નવ ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ્સ હવે વૈશ્વિક GDP અને વેપારના લગભગ બે તૃતીયાંશ ભાગને આવરી લે છે. આ કરારો, તેમણે નોંધ્યું હતું કે, ટેક્સટાઈલ, લેધર, ફૂટવેર અને ફાર્માસ્યુટિકલ્સ જેવા ક્ષેત્રોમાં નવી તકો ખોલે છે, જો કે ભારતીય ઉત્પાદનો સતત ઉચ્ચતમ વૈશ્વિક બેન્ચમાર્કને પૂર્ણ કરે. તેમણે પુનરોચ્ચાર કર્યો કે વૈશ્વિક વેપારમાં ભારતનો વર્તમાન હિસ્સો સાધારણ છે, સ્પર્ધાત્મક અને શ્રમ-સઘન ક્ષેત્રોમાં પણ, અને ઉદ્યોગોને આ કરારો દ્વારા ઊભી થયેલી બજારમાં પ્રવેશની નવી તકોનો લાભ લેવા વિનંતી કરી. અગાઉના પડકારોને યાદ કરતા શ્રી ગોયલે ટિપ્પણી કરી હતી કે ભારતીય ગ્રાહકો એક સમયે "નિકાસ ગુણવત્તા" (export quality) ધરાવતી પ્રોડક્ટ્સ શોધવા માટે મજબૂર હતા, જે દ્વિ-ગુણવત્તાવાળી ઈકોસિસ્ટમ દર્શાવે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે આવી સંસ્કૃતિને સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બંને બજારો માટે સમાન, ઉચ્ચ ધોરણો સાથે નિર્ણાયક રીતે બદલવી આવશ્યક છે. તેમણે ક્લસ્ટરો અને ક્ષેત્રોમાં વ્યાપક પરામર્શ દ્વારા ગુણવત્તાના સંદેશને છેવાડાના સ્તર સુધી લઈ જવા બદલ ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઈન્ડિયા (QCI) અને ડિપાર્ટમેન્ટ ફોર પ્રમોશન ઓફ ઈન્ડસ્ટ્રી એન્ડ ઈન્ટરનલ ટ્રેડ (DPIIT) ની પ્રશંસા કરી હતી. ગુણવત્તાને સંસ્થાકીય બનાવવા માટે પાંચ-સ્તંભના એક્શન એજન્ડાની રૂપરેખા આપતા, મંત્રીએ કાચા માલથી લઈને ફિનિશ્ડ પ્રોડક્ટ સ્ટેજ સુધી કડક અનુપાલન અને સતત નિરીક્ષણ સાથે સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેસની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો; વ્યય ઘટાડવા અને ઉત્પાદકતા વધારવા માટે કર્મચારીઓનું કૌશલ્ય વર્ધન અને પુનઃ કૌશલ્ય વર્ધન, ખાસ કરીને કાપડ (ટેક્સટાઈલ) જેવા ક્ષેત્રોમાં; સ્પર્ધાત્મકતા અને પર્યાવરણીય પરિણામોમાં સુધારો કરવા માટે વૈશ્વિક શ્રેષ્ઠપદ્ધતિઓ સાથે ગેપ એનાલિસિસ અને બેન્ચમાર્કિંગ હાથ ધરવું; વિલંબ અને ખર્ચ ઘટાડવા માટે પરીક્ષણ અને પ્રમાણપત્ર પ્રોટોકોલને સુવ્યવસ્થિત કરવા; અને ઉત્પાદન ક્લસ્ટરોમાં આધુનિક, સ્વચાલિત પરીક્ષણ સુવિધાઓ દ્વારા વહેંચાયેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવું. શ્રી ગોયલે ખાતરી આપી હતી કે ઉચ્ચ ગુણવત્તાવાળા પરીક્ષણ માળખાની સ્થાપના માટે ભંડોળ અવરોધક બનશે નહીં. તેમણે ઉદ્યોગોને આંતરરાષ્ટ્રીય મંજૂરીઓ અને અનુપાલન જરૂરિયાતો માટે એક્સપોર્ટ પ્રમોશન મિશન (EPM) હેઠળ સમર્થન મેળવવા પ્રોત્સાહિત કર્યા હતા, જેમાં REACH નિયમો, CBAM વેરિફિકેશન, SPS અને BT પગલાં અને અન્ય બિન-ટેરિફ અવરોધોનો સમાવેશ થાય છે. તેમણે જણાવ્યું હતું કે સરકારનો ટેકો ખાસ કરીને સૂક્ષ્મ અને નાના ઉદ્યોગોને વૈશ્વિક બજારોમાં પ્રવેશ મેળવવા અને આંતરરાષ્ટ્રીય ધોરણોને પૂર્ણ કરવામાં ફાયદો કરાવશે. પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીને ટાંકતા શ્રી ગોયલે પુનરોચ્ચાર કર્યો કે ભારતને વૈશ્વિક સ્તરે ગુણવત્તાની ગેરંટી તરીકે ઓળખવામાં આવવું જોઈએ. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે પ્રધાનમંત્રીના તાજેતરના જાહેર કાર્યક્રમોમાં ગુણવત્તા પ્રત્યેની સભાનતા એક પુનરાવર્તિત વિષય રહ્યો છે અને પ્રોમોટર્સ અને ડિરેક્ટર્સથી લઈને શોપફ્લોર પરના કામદારો અને પ્રયોગશાળાઓ અને બેક ઓફિસના કર્મચારીઓ સુધીના તમામ સ્તરે "ચલતા હૈ" માનસિકતાને બદલે શ્રેષ્ઠતાની સંસ્કૃતિ સ્થાપિત કરવા હાકલ કરી હતી. કેન્દ્રીય મંત્રીએ પ્રતીકાત્મક "મંથન" પ્રક્રિયા પર પણ પ્રતિબિંબિત કર્યું અને જણાવ્યું કે જે રીતે સમુદ્ર મંથનમાંથી અમૃત નીકળ્યું હતું, તેમ કોક્લેવ હેઠળના પરામર્શ પ્રયાસોમાંથી દૈનિક કામમાં ગુણવત્તા, વિશ્વાસ અને શ્રેષ્ઠતાનું અમૃત મળવું જોઈએ. તેમણે ભારતની મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમમાં ગુણવત્તાને ઊંડે સુધી સમાવિષ્ટ કરવાના ઉદ્દેશ્યથી ઉદ્યોગની પહેલોને ટેકો આપવા માટે સરકારની તૈયારીનો પુનરોચ્ચાર કર્યો. કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જિતિન પ્રસાદે ભારપૂર્વક જણાવ્યું હતું કે જેમ જેમ વૈશ્વિક તકો વિસ્તરી રહી છે તેમ તેમ ભારતે ગુણવત્તા-સંચાલિત મેન્યુફેક્ચરિંગ તરફ નિર્ણાયક રીતે આગળ વધવું જોઈએ. તેમણે જણાવ્યું હતું કે નેશનલ ક્વોલિટી કોક્લેવ જેવા પ્લેટફોર્મ ભારતની વિશ્વસનીય મેન્યુફેક્ચરિંગ અને નિકાસ ગંતવ્ય તરીકેની વૈશ્વિક સ્થિતિને મજબૂત કરવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. સેક્રેટરી, DPIIT, શ્રી અમરદીપ સિંહ ભાટિયાએ હાઈલાઈટ કર્યું હતું કે ભારતની ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત કરવા માટે ગુણવત્તા-સંચાલિત નીતિ માળખામાં સરકાર, ઉદ્યોગ અને સંસ્થાઓ વચ્ચે સંકલિત જોડાણની જરૂર છે. તેમણે ગુણવત્તા સુધારણાને વૈશ્વિક માંગને પહોંચી વળવા, આંતરરાષ્ટ્રીય વિશ્વાસ ઊભો કરવા અને ભારતને વૈશ્વિક સપ્લાય ચેઈનના વિશ્વસનીય ભાગ તરીકે સ્થાપિત કરવા માટે જરૂરી લાંબા ગાળાની પ્રતિબદ્ધતા તરીકે ગણાવી હતી. ચેરપર્સન, QCI, શ્રી જેક્ષય શાહે ભારપૂર્વક જણાવ્યું હતું કે ગુણવત્તા ઓડિટ અને પ્રમાણપત્રોથી આગળ વધીને શોપફ્લોર સ્તરે દૈનિક શિસ્ત બનવી જોઈએ. તેમણે જણાવ્યું હતું કે વિકસિત ભારત ૨૦૪૭ માટે ગુણવત્તા માત્ર માર્ગ નથી પણ મંજિલ છે. નેશનલ ક્વોલિટી કોક્લેવ એ ઉદ્યોગ અને MSMEs સાથે વ્યાપક ઓન-ગ્રાઉન્ડ પરામર્શની આસપાસ રચાયેલી પોતાની પ્રકારની પ્રથમ રાષ્ટ્રીય પહેલનું પ્રતિનિધિત્વ કરે છે જેથી શોપ-ફ્લોર અને સપ્લાય-ચેઈન આંતરદૃષ્ટિને સીધી રીતે મેળવી શકાય અને તેને નીતિવિષયક વિચારણાઓ અને ક્ષેત્ર-વિશિષ્ટ ગુણવત્તાના રોડમેપના વિકાસમાં સંકલિત કરી શકાય. કોક્લેવની શ્રેણી ૧ એ ચાર અગ્રતા ધરાવતા ઉત્પાદન ક્ષેત્રો — કાપડ (ટેક્સટાઈલ), ચામડું (લેધર), ફૂટવેર અને ફાર્માસ્યુટિકલ્સ — ના વરિષ્ઠ નીતિ નિર્માતાઓ, ઉદ્યોગના નેતાઓ, નિયમનકારો અને મુખ્ય હિતધારકોને એકસાથે લાવ્યા હતા, જે તેમની મજબૂત નિકાસ ક્ષમતા, વ્યાપક MSME ભાગીદારી અને રોજગાર નિર્માણમાં યોગદાન માટે ઓળખવામાં આવ્યા છે. કોક્લેવે કાર્યક્ષમ પરિણામો સુનિશ્ચિત કરવા માટે વીસથી વધુ શહેરોમાં બે મહિનામાં ક્ષેત્ર-વિભિન્ન, પુરાવા-સંચાલિત ત્રણ-તબક્કાની જોડાણ પ્રક્રિયા અપનાવી હતી. ચર્મ ક્ષેત્રમાં, 65+ ઉદ્યોગ હિતધારકો અને MSMEs ની ભાગીદારી સાથે 25+ રાષ્ટ્રવ્યાપી પરામર્શ અને 15+ ગુણવત્તા મંથન સંવાદો હાથ ધરવામાં આવ્યા હતા. ટેક્સટાઈલ ક્ષેત્રના જોડાણમાં 30+ રાષ્ટ્રવ્યાપી પરામર્શ અને 10+ ગુણવત્તા મંથન સંવાદોનો સમાવેશ થાય છે જેમાં 10+ હિતધારકો અને MSMEs જોડાયેલા હતા, જ્યારે ફાર્માસ્યુટિકલ્સ ક્ષેત્રમાં 55+ હિતધારકો અને MSMEs સંડોવતા 7+ રાષ્ટ્રવ્યાપી પરામર્શ દ્વારા કેન્દ્રિત ચર્ચાઓ જોવા મળી હતી. આ કાર્યક્રમમાં ૧૪ મેન્યુફેક્ચરિંગ ક્લસ્ટરોને આવરી લેવામાં આવ્યા હતા અને ખાનગી ક્ષેત્રના હિતધારકો અને સરકારી એજન્સીઓ બંનેને સંડોવતા ટ્વીન-ટ્રેક અભિગમ દ્વારા ૫૦ થી વધુ સરકારી અને નિયમનકારી સંસ્થાઓને જોડવામાં આવી હતી. નેશનલ ક્વોલિટી કોક્લેવ ક્ષેત્ર-કેન્દ્રિત જોડાણોની ચાલુ શ્રેણીના ભાગ રૂપે પરિકલ્પિત છે, જેમાં DPIIT અને QCI ગુણવત્તાના પડકારોને વ્યવસ્થિત રીતે ઉકેલવા, ઉદ્યોગ-સરકારના સંકલનને મજબૂત કરવા અને ગુણવત્તા-સંચાલિત ઔદ્યોગિક વિકાસ માટે સતત વેગ જાળવવા માટે ઉત્પાદન ક્ષેત્રોમાં નિયમિત પરામર્શ કરે છે. કોક્લેવના પરિણામો મેન્યુફેક્ચરિંગ માટે નેશનલ ક્વોલિટી રોડમેપના વિકાસમાં ફાળો આપશે, જે આગામી સમયમાં સરકાર, નિયમનકારો અને ઉદ્યોગમાં સંકલિત કાર્યવાહી માટે માર્ગદર્શન આપશે.




કમલમ્,

ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રવ્યાપી 'પંડિત દીનદયાળ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૨૬' અંતર્ગત ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશભાઈ વિશ્વકર્મા મુંબઈ ખાતે આયોજિત પશ્ચિમ ક્ષેત્રની વક્તા પ્રશિક્ષણ કાર્યશાળા માં ઉપસ્થિત રહ્યાં હતાં. ભાજપા દ્વારા આગામી સમયમાં સમગ્ર દેશમાં મંડલ અને બુથ સ્તર સુધીના ૭૫ થી ૮૦ લાખ સંગઠનાત્મક જવાબદારી નિભાવતા કાર્યકર્તાઓને પ્રશિક્ષિત કરવાનું સૌથી મોટું અભિયાન હાથ ધરાશે. આજે મુંબઈ ખાતે પશ્ચિમ ક્ષેત્રમાં સમાવિષ્ટ ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ગોવા, છત્તીસગઢ, દાદરાનગર હવેલીની વક્તા પ્રશિક્ષણ કાર્યશાળામાં ભાજપાના રાષ્ટ્રીય સંગઠન મહામંત્રીશ્રી બી. એલ. સંતોષજી, રાષ્ટ્રીય મહામંત્રીશ્રી તરુણ ચુગજી, રાષ્ટ્રીય સહ સંગઠન મહામંત્રીશ્રી શિવપ્રકાશજી, રાષ્ટ્રીય સંગઠકશ્રી વી. સતીષજી, પ્રશિક્ષણ અભિયાનનાં રાષ્ટ્રીય સહ સંયોજક અને પ્રદેશ સંગઠન મહામંત્રીશ્રી રત્નાકરજી, પશ્ચિમ ક્ષેત્રના સંયોજકશ્રી કે.સી. પટેલ સહિત ગુજરાત ભાજપાના અપેક્ષિત આગેવાનશ્રીઓ અને કાર્યકતાશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# ફાગ નૃત્ય એટલે ગાંધીનગરના વસંતોત્સવમાં હરિયાણાનો રંગીન મિજાજ

## હરિયાણાનું ફાગ નૃત્ય, કૃષિ સંસ્કૃતિ અને હોળીના ઉમંગનો સંગમ

**નૃત્ય દ્વારા, પતિ-પત્ની વચ્ચેની મીઠી મસ્તી, તેમના પ્રશ્નો અને જવાબો અને તેમના પ્રેમભર્યા આદાન-પ્રદાનનું ચિત્રણ કરવામાં આવે છે-ફાગુ નૃત્ય ગૃપના પ્રમુખ સંદિપ શર્મા**



કમલમ્,

વસંતના વધામણાં અને હોળીના હરખ વચ્ચે જ્યારે હરિયાણાની સંસ્કૃતિની વાત આવે, ત્યારે 'ફાગ નૃત્ય' નજર સમક્ષ તરત જ તરી આવે છે. હરિયાણાના કૃષિ પ્રધાન જીવન અને ઉત્સાહને દર્શાવતું આ નૃત્ય વસંતોત્સવમાં રંગ જમાવી રહ્યું છે. જ્યારે ખેતરોમાં સરસવના પીળા ફૂલો લહેરાતા હોય અને શિયાળાની વિદાય થતી હોય, ત્યારે હરિયાણાના ગામડાઓમાં 'ફાગ'ના સૂર રેલાવા લાગે છે. ફાગ નૃત્ય એ માત્ર મનોરંજન નથી, પણ લણણીની ખુશી અને પ્રકૃતિના પરિવર્તનને વધાવવાનો એક સામૂહિક ઉત્સવ છે. ફાગ નૃત્ય મુખ્યત્વે ધમાલ શૈલીનું નૃત્ય છે. તેની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમાં સ્ત્રી અને પુરુષ બંને સમાન ઉત્સાહથી ભાગ લે છે, જેમાં પુરુષો પરંપરાગત ધોતી અને રંગીન પાઘડી પહેરીને નગારા, ઢોલ અને મંજીરાના તાલે નૃત્ય કરે છે.જ્યારે સ્ત્રીઓ હરિયાણવી ઘાઘરા, કુર્તી અને ઓઢણીમાં સજ્જ થઈને લોકગીતો ગાય છે. આ નૃત્યમાં ઘણીવાર સ્ત્રી અને પુરુષો વચ્ચે ગીતો દ્વારા મીઠો સંવાદ કે નખરાં પણ જોવા મળે છે, જે હોળીના તહેવારની મસ્તી દર્શાવે છે. નગારાના ગુંજારવ વગર ફાગ અધૂરું છે. તેની સાથે ખંજરી અને બાંસુરીનો સૂર વાતાવરણને જીવંત બનાવે છે. આ નૃત્ય કોઈ એકલ વ્યક્તિનું પ્રદર્શન નથી, પરંતુ આખા ગામની એકતાનું પ્રતીક છે. કલાકારો એક ગોળ કુંડાળામાં રહીને એકબીજાના તાલ સાથે કદમ મિલાવે છે. નૃત્ય દરમિયાન ગુલાલ અને રંગોનો ઉપયોગ કરવામાં આવે છે, જે વસંતોત્સવની રોનક વધારે છે.આ નૃત્ય દ્વારા, પતિ-પત્ની વચ્ચેની મીઠી મસ્તી, તેમના પ્રશ્નો અને જવાબો અને તેમના પ્રેમભર્યા આદાન-પ્રદાનનું આ લોકનૃત્યમાં ચિત્રણ કરવામાં આવે છે. હરિયાણાના કલાકારો જ્યારે આ નૃત્ય રજૂ કરે છે, ત્યારે તેમાં તેમની ખુમારી અને ખમીર દેખાય છે. તે ફાગણ મહિનાના આગમન અને હોળીના પર્વ નિમિત્તે કરવામાં આવતી એક વિધિ સમાન છે. આ નૃત્ય દ્વારા ખેડૂત પોતાની મહેનતનું ફળ એટલે કે ખેતરના પાક આવવાની ખુશી પ્રભુ સમક્ષ વ્યક્ત કરે છે. હરિયાણાનું ફાગ નૃત્ય આજે માત્ર ગામડાઓ સુધી મર્યાદિત નથી રહ્યું, પરંતુ રાષ્ટ્રીય કક્ષાના સાંસ્કૃતિક ઉત્સવોમાં પણ પોતાની આગવી ઓળખ ઉભી કરી રહ્યું છે. લોકવાયકા મુજબ, આ નૃત્ય ભગવાન કૃષ્ણ અને ગોપીઓની રાસલીલાનું એક પ્રાદેશિક અને ઉર્જાવાન સ્વરૂપ માનવામાં આવે છે. મથુરા-વૃંદાવનની સરહદ હરિયાણાને અડે છે, તેથી ત્યાંની 'લઠ્ઠમાર હોળી'ની ઝલક પણ આ નૃત્યમાં ક્યાંક જોવા મળે છે. "ફાગણ આયા રંગ ભરી રે, હોળી ખેલેં બીરબલી..." એટલે કે ફાગણ મહિનો રંગો લઈને આવ્યો છે, અને ચાલો આપણે બધા મળીને હોળી રમીએ.જેવા ગીતો સાથે આ નૃત્ય રંગ જમાવે છે.

# ધારાસભ્ય શ્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં ભાણવડના વેરાડ આરોગ્ય કેન્દ્ર ખાતે રોગ નિદાન કેમ્પ, પોષણ કીટ વિતરણ અને રકતદાન કેમ્પનો કાર્યક્રમ યોજાયો



કમલમ્,દેવભુમિ દ્વારકા


સંકલ્પ ગ્રુપ અને પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વેરાડ ખાતે સંકલ્પ ગ્રુપ ભાણવડના સંયુક્ત ઉપક્રમે ધારાસભ્ય શ્રી મુળુભાઈ બેરાના સ્વ. માતૃશ્રી અમરીબેન હરદાસભાઈ બેરાને ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પવા માટે 'ત્રિવેણી સેવા' કાર્યક્રમ યોજાયો હતો.


રક્તદાન કેમ્પમાં યુવાનો અને અગ્રણીઓ દ્વારા રક્તદાન. કુલ ૪૦ યુનિટ રક્ત એકત્ર થયેલ જે ખંભાળિયા સરકારી હોસ્પિટલ ખાતે થેલેસેમીયા ગ્રસ્ત બાળકો માટે અર્પણ કરવામાં આવ્યું હતું. આયુર્વેદિક નિદાન કેમ્પમાં ગ્રામજનોના સ્વાસ્થ્ય પરીક્ષણ અને નિઃશુલ્ક નિદાન કરાયું હતું ૧૧૦ લોકોએ આ કેમ્પનો લાભ લીધો હતો. ૧૧ સગર્ભા બહેનોને જરૂરી પોષણક્ષમ કીટનું વિતરણ કરાયું હતું.

આ કાર્યક્રમમાં અગ્રણી શ્રી હર્ષદભાઈ બેરા તથા સંદીપભાઈ બેરા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. ચોબીસા, તાલુકા હેલ્થ ઓફિસર ડો.પ્રકાશ ચાડેગ્રા અને અધિક જિલ્લા આરોગ્ય અધિકારી ડો.પૂનમ તેમજ ભાણવડ નગરપાલિકા પ્રમુખ શ્રી પ્રિયેશભાઈ, સંકલ્પ ગ્રુપના સભ્યો શ્રી ભીમભાઈ કોડિયાતર, વિશાલભાઈ કનેરિયા, નિલેશભાઈ રાઠોડ અને હસમુખભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યાં હતાં આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મેડિકલ ઓફિસર, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના સ્ટાફ અને સ્થાનિક આગેવાનોએ જહેમત ઉઠાવી હતી.


# ખેરાલુ ખાતે નવનિર્મિત થનાર એસ. ટી. ડેપો - વર્કશોપનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો

## રાજ્ય સરકારની ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડેશન સહાયથી ખેરાલુ એસ.ટી. ડેપોનું આધુનિકીકરણ; નવીન ડેપો–વર્કશોપ ખેરાલુ વિસ્તારની જનતાને ઝડપી, સુવિધાસભર અને આરામદાયક પરિવહન સેવા આપશે









કમલમ્,મહેસાણા,

ખેરાલુ ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા મહેસાણા જિલ્લાના ખેરાલુ ખાતે નવનિર્મિત થનાર સુવિધાયુક્ત એસ.ટી. ડેપો–વર્કશોપનો ખાતમુહૂર્ત કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી સરદારભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, ખેરાલુ એસ.ટી. ડેપોનું ભવ્ય અને અદ્યતન બિલ્ડિંગ રૂ. ૯ કરોડ ૬૧ લાખના ખર્ચે નિર્માણ પામનાર છે. ધરોઈ ડેમ હેરિટેજ પર્યટન સ્થળ તરીકે વિકાસ પામી રહ્યું છે ત્યારે આગામી સમયમાં ખેરાલુ ડેપો પરથી વધુમાં વધુ એસ.ટી. બસોની સુવિધા ઉપલબ્ધ થશે. આ ઉપરાંત તેમણે ''મીની પાવાગઢ'' તરીકે ઓળખાતા ઉમરેચા પર્યટન સ્થળ માટે પણ પૂરતી એસ.ટી. બસ સેવાઓ સુલભ થાય, જેથી ખેરાલુ વિસ્તારની જનતાને વધુમાં વધુ એસ.ટી. બસ સેવાઓનો લાભ મળે તેવી આશા વ્યક્ત કરી હતી. વધુમાં તેમણે ઉમેર્યું કે, એસટી વિભાગ દ્વારા લક્ઝરી કોચ, ટુ બાય ટુ બસ, મીની બસ જેવી બસ સેવાઓથી મુસાફરોને ઝડપી, સુવિધાસભર તેમજ આરામદાયક સેવાઓ મળી રહે છે. અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૪૨૦.૧૧ ચોરસ મીટર બાંધકામ વિસ્તારમાં નિર્માણ પામનાર ખેરાલુ એસ.ટી. ડેપોમાં અદ્યતન સુવિધાયુક્ત ડેપો મેનેજર ઓફિસ (એટેચ્ડ ટોયલેટ સાથે), ટાયર રૂમ, બેટરી રૂમ, સ્ટોર રૂમ, ઓઈલ રૂમ, ઈલેક્ટ્રિક રૂમ, મેન્ટેનન્સ માટે લૉંગ પીટ અને યુ-પીટ, વૉટર રૂમ, સરક્યુલેશન વિસ્તારમાં સી.સી. ટ્રિ-મિક્સ ફ્લોરિંગ, વર્કર રૂમ, રેકોર્ડ રૂમ, લેડીઝ રેસ્ટ રૂમ (ટોયલેટ સહિત) તથા ડિસ્પેન્સરી રૂમ સહિતની વિવિધ આવશ્યક સુવિધાઓનું નિર્માણ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમમાં તાલુકા પંચાયત પ્રમુખશ્રી વસુમતીબેન ઠાકોર, વિભાગીય નિયામક એસ.ટી. મહેસાણા શ્રી કે.એસ. ચૌધરી, વિભાગીય યાંત્રિક ઈજનેર એસ.ટી. મહેસાણા શ્રી એસ. જી. પટેલ, એ.પી.એમ.સી. પ્રમુખશ્રી રામજીભાઈ ચૌધરી, ખેરાલુ ડેપો મેનેજર શ્રી રમેશભાઈ ચૌધરી, જિલ્લા કિસાન મોરચાના પ્રમુખ શ્રીવી. ડી. દેસાઈ, સર્વે અગ્રણી શ્રી વિનાયકભાઈ પંડ્યા, શ્રી આકાશભાઈ ગોસ્વામી, શ્રી ભરતજી ઠાકોર, શ્રી વિક્રમભાઈ ચૌધરી, શ્રી અજયભાઈ બારોટ સહિત એસ.ટી. વિભાગના કર્મચારીઓ તથા ખેરાલુ શહેરના નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી 2.0નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ

## જળ સંગ્રહ અને સંચય ક્ષમતા વધારવા રાજ્યમાં તાલુકા દીઠ ૧૦ તળાવો ઊંડા કરવાની નેમ






હયાત તળાવો ઊંડા કરવા-ચેકડેમ ડીસીલ્ટીંગ-નહેરો તથા કાંસની મરામત-સાફ સફાઈ અને જાળવણી- રેઇન વોટર હાર્વેસ્ટિંગ જેવા કામો રાજ્ય સરકારના ૬ જેટલા વિભાગો દ્વારા લોક ભાગીદારીથી કરવામાં આવશે

કમલમ્,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જળ સંચય અને જળ સંગ્રહ માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કરેલા "કેચ ધ રેઈન" આહવાનને સાકાર કરવા ગુજરાતમાં સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી 2.0નો રાજ્યવ્યાપી પ્રારંભ કરાવ્યો છે. જળ સંચય અને જળ સંગ્રહ માટેનું આ મહાઅભિયાન તા. ૩૧ મે ૨૦૨૬ સુધી યોજાશે. આ અભિયાન અંતર્ગત તાલુકા દીઠ ૧૦ તળાવો ઊંડા કરવા સહિત પાણીના સંગ્રહ માટેની વ્યવસ્થાઓ વધુ સુદ્રઢ કરીને ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવાના અને વરસાદી પાણીના સંગ્રહના કામો હાથ ધરવામાં આવશે. આ હેતુસર, રાજ્ય સરકારના જળ સંપત્તિ, પાણી પુરવઠા, સરદાર સરોવર નર્મદા નિગમ, ગ્રામ વિકાસ, વન પર્યાવરણ, શહેરી વિકાસ સહિતના ૬ જેટલા વિવિધ વિભાગો તમામ જિલ્લાઓમાં લોકભાગીદારીથી જળસંચયના કામો હાથ ધરશે. આવા કામોમાં હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનું ડીસીલ્ટીંગ, હયાત જળાશયો/નદીનું ડીસીલ્ટીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, નહેરો તથા કાંસની મરામત/જાળવણી/સાફ સફાઈ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, ખેત તલાવડી, માટીપાળા, ટેરેસ/વનતળાવ, પીવાના પાણીના સ્ત્રોત/ટાંકી/સંપ/ઈન્ટેકસ્ટ્રક્ચર તથા આસપાસની સફાઈ, તળાવોના વેસ્ટવિયરના રીપેરીંગ, નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દૂર કરવા વગેરે કામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ વર્ષના સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી 2.0ની શરૂઆત ગાંધીનગર જિલ્લાના ભાટ ગામના તળાવને ઊંડુ કરવાની કામગીરીથી કરાવી હતી.

આ તળાવ ઊંડુ થવાથી તેની કુલ સંગ્રહ ક્ષમતા ભવિષ્યમાં ૨.૦૧ લાખ ઘન ફૂટ થશે. રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૮થી દર વર્ષે આ મહત્વપૂર્ણ અભિયાન એક ઝુંબેશ સ્વરૂપે હાથ ધરાય છે. ૨૦૧૮ થી ૨૦૨૫ના ૮ વર્ષ દરમિયાન જે ૧,૨૨,૨૯૯ કામો હાથ ધરવામાં આવેલા છે તેમાં તળાવો ઊંડા કરવાના, નવા તળાવોના ૩૯,૫૪૨, ચેકડેમ ડીસીલ્ટિંગના ૨૬,૫૪૪ તથા ૮૨,૨૪૦ કિલોમીટર લંબાઈમાં નહેરોની અને કાંસની સાફ-સફાઈના કામો થયા છે. આ બધા કામોના પરિણામે રાજ્યની જળસંગ્રહ ક્ષમતામાં કુલ ૧,૩૯,૯૫૯ લાખ ઘન ફૂટ જેટલો વધારો થયો છે અને ૨૧૦ લાખ માનવદિન રોજગારી ઉભી થઈ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ૨૦૨૬ના વર્ષ માટે સુજલામ સુફલામ જળ અભિયાન-જળ સંચય જનભાગીદારી 2.0ની શરૂઆત ગાંધીનગરના ભાટ ગામથી કરાવી તે અવસરે જળ સંપત્તિ અને પાણી પુરવઠા રાજ્ય મંત્રી શ્રી ઈશ્વરસિંહ પટેલ, સાંસદ શ્રી હસમુખભાઈ પટેલ, ધારાસભ્ય શ્રી અલ્પેશભાઈ ઠાકોર અને શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગરના મેયર શ્રીમતી મીરાબેન પટેલ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન શ્રી ગૌરાંગભાઈ, શહેર ભાજપ પ્રમુખ શ્રી આશિષ દવે, જળ સંપત્તિ સચિવ શ્રી પી.સી. વ્યાસ, અધિક સચિવ શ્રી એમ.ડી. પટેલ અને ગાંધીનગર મ્યુનિસીપલ કમિશનર શ્રી વાઘેલા વરિષ્ઠ અધિકારીઓ તથા ગ્રામ જનો ઉપસ્થિત રહ્યા હતા.

# કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજસિંહે સ્પેશિયલ હેન્ડલૂમ એક્સપોનું ઉદ્ઘાટન કર્યુ

## હેન્ડલૂમ હાટ ખાતે NHDCએ ૪૩મા સ્થાપના દિવસની ઉજવણી કરી



કમલમ્,

કેન્દ્રીય કાપડ મંત્રી શ્રી ગિરિરાજ સિંહે હેન્ડલૂમ હાટ, જનપથ, નવી દિલ્હી ખાતે સ્પેશિયલ હેન્ડલૂમ એક્સપોનું ઉદ્ઘાટન કર્યું અને નેશનલ હેન્ડલૂમ ડેવલપમેન્ટ કોર્પોરેશન (NHDC) ની ૪૩મા સ્થાપના દિવસની ઉજવણીના અધ્યક્ષસ્થાને રહ્યા હતા. આ કાર્યક્રમમાં કાપડ મંત્રાલયના સચિવ શ્રીમતી નીલમ શમી રાવ; વિકાસ કમિશનર (હેન્ડલૂમ) ડૉ. એમ. બીના; કાપડ મંત્રાલય અને NHDC ના વરિષ્ઠ અધિકારીઓ; તથા દેશભરના વણકરો, સહકારી મંડળીઓ અને હિતધારકો ઉપસ્થિત રહ્યા હતા. આ ઉજવણીએ ભારતના હેન્ડલૂમ ઈકોસિસ્ટમને મજબૂત કરવા અને દેશભરના વણકરોની આજીવિકાને ટેકો આપવાની NHDC ની ૪૩-વર્ષની સફરમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્ન ચિહ્નિત કર્યું છે. સભાને સંબોધતા, શ્રી ગિરિરાજ સિંહે ગ્રામીણ આજીવિકા ટકાવી રાખવા અને ટકાઉ, સ્વદેશી ઉત્પાદન પ્રણાલીઓને પ્રોત્સાહન આપવામાં હેન્ડલૂમ ક્ષેત્રની મુખ્ય ભૂમિકા પર ભાર મૂક્યો હતો. તેમણે ઘરેલું ઉત્પાદનને મજબૂત કરવા, કારીગરો માટે બજારની પહોંચ વિસ્તારવા અને નાગરિકોને સક્રિયપણે સ્વદેશી કાપડને ટેકો આપવા માટે પ્રોત્સાહિત કરવાની ભારત સરકારની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. મંત્રીએ વણકર સમુદાયને સશક્ત બનાવવા માટે કોર્પોરેશનના સતત પ્રયાસોની પ્રશંસા કરવાની સાથે NHDC ની ભાવિ પહેલો માટેનો રોડમેપ પણ દર્શાવ્યો હતો. સ્થાપના દિવસની ઉજવણી ચાલુ સ્પેશિયલ હેન્ડલૂમ એક્સપો (૨૧ ફેબ્રુઆરી – ૨ માર્ચ ૨૦૨૬) ના ભાગ રૂપે યોજવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય સ્વદેશી હેન્ડલૂમ ઉત્પાદનોને પ્રોત્સાહન આપવાનો, વણકરો અને ગ્રાહકો વચ્ચે સીધા બજાર જોડાણને મજબૂત કરવાનો અને કારીગરો માટે ટકાઉ આજીવિકાની તકો વધારવાનો છે. કાર્યક્રમ દરમિયાન, માનનીય મંત્રીએ હેન્ડલૂમ ક્ષેત્ર વિશે ખાસ કરીને યુવા પ્રેક્ષકોમાં વધુ જાગૃતિ લાવવા માટે તૈયાર કરવામાં આવેલી બહુભાષી કોમિક બુકનું વિમોચન કર્યું હતું. આ પ્રકાશન હેન્ડલૂમ વણાટના વારસા, પ્રક્રિયાઓ અને સાંસ્કૃતિક મહત્વને આકર્ષક અને સુલભ ફોર્મેટમાં રજૂ કરે છે. વાર્ષિક અહેવાલની પ્રસ્તુતિએ પાછલા વર્ષમાં NHDC ની મુખ્ય સિદ્ધિઓ પર પ્રકાશ પાડ્યો હતો, જેમાં મુખ્ય પહેલો, આઉટરીચ પ્રોગ્રામ્સ અને વણકરોના આર્થિક સશક્તિકરણ તરફના પ્રયાસોનો સમાવેશ થાય છે. પ્રતિષ્ઠિત વણકરો અને કારીગરોને તેમની અસાધારણ કારીગરી, નવીનતા અને ભારતની સમૃદ્ધ વણાટ પરંપરાઓને જાળવવા અને પ્રોત્સાહન આપવા માટે તેમના અવિરત યોગદાન બદલ સન્માનિત કરવામાં આવ્યા હતા. ઉજવણીની સાંસ્કૃતિક જીવંતતા વધારતા, એક 'પરિધાન પ્રદર્શની' (Paridhan Pradarshini) એ હેન્ડલૂમ વસ્ત્રોનું ભવ્ય પ્રદર્શન રજૂ કર્યું હતું જે ભારતની પ્રાદેશિક વણાટ પરંપરાઓમાં સમાયેલી વિવિધતા, કારીગરી અને સૌંદર્યલક્ષી શ્રેષ્ઠતાને પ્રતિબિંબિત કરે છે. માનનીય મંત્રીએ હેન્ડલૂમ હાટ ખાતેના પ્રદર્શન વિસ્તારની પણ મુલાકાત લીધી હતી, જેમાં ૬૦ સ્ટોલ છે — જેમાં ૪૮ હેન્ડલૂમ અને ૧૨ હસ્તકલાના સ્ટોલનો સમાવેશ થાય છે — અને વણકરો તથા પ્રદર્શનકારીઓ સાથે વાતચીત કરી હતી. તેમણે પ્રદર્શનમાં મુકવામાં આવેલી હાથથી વણેલી બનાવટોની ગુણવત્તા, નવીનતા અને વિશાળ વિવિધતાની પ્રશંસા કરી હતી.

# ભારતનું વસાહતી પ્રભાવથી દૂર થવું એ એક ઘટના નથી, પરંતુ સતત પરિવર્તન છે: ઉપરાષ્ટ્રપતિ




કમલમ્,

ભારતના ઉપરાષ્ટ્રપતિ શ્રી સી. પી. રાધાકૃષ્ણન રાષ્ટ્રપતિ ભવન ખાતે 'રાજાજી ઉત્સવ'માં હાજરી આપી હતી. આ પ્રસંગે ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ એડવિન લુટિયન્સની પ્રતિમાના સ્થાને સી. રાજગોપાલાચારીની પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. સભાને સંબોધતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે રાજાજીની પ્રતિમાનું અનાવરણ એ વસાહતી પ્રભાવના અવશેષોને દૂર કરવા તરફનું બીજું એક મહત્વપૂર્ણ પગલું હતું. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે વસાહતી પ્રભાવથી ભારતનું દૂર થવું એ એક ઘટના નથી, પરંતુ શાસન, કાયદો, શિક્ષણ, સંસ્કૃતિ અને રાષ્ટ્રીય ઓળખમાં સતત પરિવર્તન છે. તેમણે કહ્યું કે આ સુધારાઓના કેન્દ્રમાં પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીનું વિઝન છે, જેમણે બ્રિટિશ શાસન દરમિયાન સંસ્થાઓ અને દ્રષ્ટિકોણને આકાર આપતી વસાહતી માનસિકતાથી સતત મુક્તિ મેળવવાની માંગ કરી છે. ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે "ગુલામીની માનસિકતાથી મુક્તિ"નું વિઝન અનેક પહેલ દ્વારા અમલમાં મૂકવામાં આવ્યું છે, જેમાં રાજ ભવનોને લોક ભવનોમાં રૂપાંતરિત કરવા; પીએમઓનું નામ સેવા તીર્થ રાખવું; કેન્દ્રિય સચિવાલયનું નામ કર્તવ્ય ભવન રાખવું; વસાહતી યુગના ફોજદારી કાયદાઓમાં સુધારો કરવા; ઈન્ડિયા ગેટ પાસે નેતાજી સુભાષ ચંદ્ર બોઝની પ્રતિમા સ્થાપિત કરવા; અને રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક બનાવવાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું, "આ ફેરફારો ફક્ત પ્રતીકાત્મક નથી; તે સરકારની સેવાની ભાવનાને પ્રતિબિંબિત કરે છે." તેમણે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના નેતૃત્વ હેઠળ રાષ્ટ્રપતિ ભવનમાં હાથ ધરવામાં આવેલી અનેક પહેલો પર પ્રકાશ પાડ્યો, જેમાં અમૃત ઉદ્યાન નામના બગીચાનું ઉદ્ઘાટન; દરબાર હોલનું નામ બદલીને રિપબ્લિક પેવેલિયન; બ્રિટિશ એડીસીના ચિત્રોને પરમ વીર ચક્ર પુરસ્કાર વિજેતાઓના ચિત્રોથી બદલવા; અને ભારતીય શાસ્ત્રીય ભાષાઓના સમર્પિત પુસ્તકાલય અને ભંડાર, ગ્રંથ કુટીરનું ઉદ્ઘાટનનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે આવી પહેલો જાહેર ચેતનામાંથી વસાહતી નિશાનોને ભૂંસી નાખવામાં અને ભારતના સભ્યતા વિશ્વાસને મજબૂત બનાવવામાં મદદ કરશે. રાજાજી ઉત્સવને ભારતના મહાન પુત્રની સાચી ઓળખ તરીકે વર્ણવતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે સી. રાજગોપાલાચારી દેશના ઈતિહાસમાં વિશેષ સ્થાન ધરાવે છે. રાજાજીની વિવિધ ક્ષમતાઓનું વર્ણન કરતા ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે તેમનામાં અપાર પ્રતિભા હતી. તેમણે ઉમેર્યું કે રાજાજી હંમેશા આર્થિક સ્વતંત્રતાની હિમાયત કરતા હતા અને માનતા હતા કે ભારતની આર્થિક નીતિ મુક્ત અને ઉદાર રહેવી જોઈએ. પોતાના ભાષણના સમાપન કરતાં, ઉપરાષ્ટ્રપતિએ આશા વ્યક્ત કરી કે રાજાજીનું જીવન નાગરિકોને વધુ જવાબદારીઓ લઈને તેમના ચારિત્ર્યમાં સુધારો કરવા, તેમની ભૂમિકાઓ વધતી જાય તેમ તેમનો વિશ્વાસ મજબૂત કરવા અને રાષ્ટ્રને હંમેશા સ્વથી ઉપર રાખવા માટે પ્રેરણા આપતું રહેશે.

# PIB જમ્મુ મીડિયા ટૂર ટુ ગુજરાતનો પ્રારંભ; મીડિયા ટીમે અમદાવાદમાં મુખ્ય વિકાસલક્ષી અને હેરિટેજ સાઇટ્સની મુલાકાત લીધી






કમલમ્,

પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો (PIB), જમ્મુ દ્વારા આયોજિત ગુજરાતની મીડિયા ટૂરનો પ્રારંભ થયો હતો, જેનો ઉદ્દેશ્ય મીડિયા પ્રતિનિધિઓને રાજ્યના મુખ્ય વિકાસલક્ષી પ્રોજેક્ટ્સ અને અગ્રણી સંસ્થાઓ વિશે પ્રત્યક્ષ એક્સપોઝર પૂરો પાડવાનો છે. અમદાવાદ પહોંચ્યા પછી, મીડિયા પ્રતિનિધિ મંડળે PIB અમદાવાદના ડાયરેક્ટર જનરલ (DG) શ્રી પ્રશાંત પાઠરાબેની મુલાકાત લીધી હતી.

ડાયરેક્ટર જનરલે પત્રકારો સાથે વાતચીત કરી હતી અને સરકાર અને મીડિયા વચ્ચેના ઈન્ટરફેસને મજબૂત કરવામાં આવી પહેલોના મહત્વ પર ભાર મૂક્યો હતો. જમ્મુથી આવેલા મીડિયા પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ PIB ના ડાયરેક્ટર સુશ્રી નેહા જલાલી કરી રહ્યા છે.

મીડિયા કર્મચારીઓનું સ્વાગત કરતા, DG શ્રી પાઠરાબેએ ગુજરાતની વસ્તી વિષયક અને સામાજિક-આર્થિક પ્રોફાઈલની રૂપરેખા આપી હતી. તેમણે ગુજરાતમાં ચાલી રહેલા વિવિધ માળખાગત પ્રોજેક્ટ્સ વિશે મીડિયાકર્મીઓને માહિતગાર કર્યા હતા.

શ્રી પાઠરાબેએ ઉલ્લેખ કર્યો હતો કે પેટ્રોકેમિકલ્સ, ટેક્સટાઈલ, એન્જિનિયરિંગ ગુડ્સ, જેમ્સ એન્ડ જ્વેલરી અને અન્ય પરંપરાગત ક્ષેત્રો ઉપરાંત ગુજરાત રાજ્ય નાણાકીય સેવાઓ અને IT ક્ષેત્રો મોટી હરણફાળ ભરી રહ્યું છે. તેમણે ૨૦૩૦ માં અમદાવાદમાં યોજાનારી આગામી યુથ કોમનવેલ્થ ગેમ્સને ધ્યાનમાં રાખીને વિશ્વ કક્ષાના સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવા માટે લેવામાં આવી રહેલી વિવિધ પહેલોનો ઉલ્લેખ કર્યો હતો. પ્રતિનિધિ મંડળ સાથે વાતચીત કરતા, ડાયરેક્ટર સુશ્રી નેહા જલાલીએ હાઈલાઈટ કર્યું હતું કે આવા મીડિયા એક્સચેન્જ પ્રોગ્રામ્સ વ્યાવસાયિક જોડાણને મજબૂત કરવામાં અને વિકાસલક્ષી પહેલોની ઊંડી સમજને પ્રોત્સાહન આપવામાં મહત્વની ભૂમિકા ભજવે છે. તેમણે જણાવ્યું હતું કે પ્રેસ ઈન્ફોર્મેશન બ્યુરો દ્વારા આયોજિત મીડિયા ટૂર મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ માટે પ્રત્યક્ષ એક્સપોઝર પ્રદાન કરે છે, જેનાથી માહિતપ્રદ અને વિશ્વસનીય રિપોર્ટિંગની ખાતરી મળે છે. આ પ્રસંગે આસિસ્ટન્ટ ડાયરેક્ટર PIB ગુજરાત સુશ્રી સુમન એ. મચ્છર અને મીડિયા એન્ડ કોમ્યુનિકેશન ઓફિસર શ્રી ઈન્દ્રવદનસિંહ ઝાલા અને PIB ના અન્ય અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. જલંધરથી આવેલા મીડિયા પ્રતિનિધિ મંડળનું નેતૃત્વ PIB જલંધરના મીડિયા અને કોમ્યુનિકેશન ઓફિસર શ્રી વિક્રમ સિંઘે કર્યું હતું. પ્રવાસના પ્રથમ દિવસ દરમિયાન, મીડિયા પ્રતિનિધિ મંડળે ઐતિહાસિક સત્યાગ્રહ આશ્રમ, કોચરબની પણ મુલાકાત લીધી હતી, જે દક્ષિણ આફ્રિકાથી પરત ફર્યા પછી ૧૯૧૫ માં મહાત્મા ગાંધી દ્વારા સ્થાપિત પ્રથમ આશ્રમ હતો.

ટીમને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેના ઐતિહાસિક મહત્વ અને સત્યાગ્રહની ફિલસૂફીને ઘડવામાં તેની ભૂમિકા વિશે માહિતી આપવામાં આવી હતી. પ્રતિનિધિ મંડળોને આશ્રમ માટે કરવામાં આવી રહેલી પુનઃસંગ્રહની પહેલો અને ગાંધીજીના વારસાને જાળવવા અને તેનું સન્માન કરવા વિશે જાગૃત કરવામાં આવ્યા હતા.

પ્રતિનિધિ મંડળે મુંબઈ-અમદાવાદ હાઈ-સ્પીડ રેલ કોરિડોર પ્રોજેક્ટ (બુલેટ ટ્રેન પ્રોજેક્ટ) સાઈટની પણ મુલાકાત લીધી હતી. અધિકારીઓએ મીડિયા વ્યક્તિઓને અત્યાર સુધી પ્રોજેકટમાં થયેલ પ્રગતિ, ઈન્સ્ટોલ કરવામાં આવી રહેલી ટેકનોલોજીકલ પ્રગતિ અને આ ક્ષેત્રમાં કનેક્ટિવિટી, આર્થિક વૃદ્ધિ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વિકાસ પર હાઈ-સ્પીડ રેલ કોરિડોરની અપેક્ષિત અસર વિશે માહિતગાર કર્યા હતા. ટીમને માહિતગાર કરવામાં આવી હતી કે રેલ કોરિડોર એ ૫૦૮-કિલોમીટરનો હાઈ-સ્પીડ રેલ પ્રોજેક્ટ છે જે પ્રતિ કલાક મહત્તમ ૩૨૦ કિમીની ઝડપ માટે રચાયેલ છે અને તે મહારાષ્ટ્ર, દાદરા અને નગર હવેલી અને ગુજરાતના ૧૨ સ્ટેશનોને જોડશે, જેનાથી મુંબઈ અને અમદાવાદ વચ્ચે મુસાફરીનો સમય ઘટીને લગભગ બે કલાક થઈ જશે.

આ પ્રોજેકટમાં અર્થક્વેક ડિટેન્શન અને ઓટોમેટિક ટ્રેન કંટ્રોલ સહિત અદ્યતન સુરક્ષા પ્રણાલીઓનો સમાવેશ થાય છે અને તેમાં એલિવેટેડ ટ્રેક, ટનલ-જેમાં દરિયાની નીચે ટનલ વિભાગનો સમાવેશ થાય છે-અને મોટી નદી પરના પુલોના નિર્માણનો સમાવેશ થાય છે. પ્રતિનિધિ મંડળે નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ (NHSRCL) દ્વારા વિકસાવવામાં આવી રહેલા સાબરમતી હાઈ સ્પીડ રેલ મલ્ટિમોડલ હબની પણ મુલાકાત લીધી હતી.

મીડિયા ટીમ સાથે વાતચીત કરતા, પ્રિન્સિપાલ પ્રોજેક્ટ મેનેજર શ્રી રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે મલ્ટિમોડલ હબ ભારતીય રેલવે, મેટ્રો, BRTS અને હાઈ સ્પીડ રેલ જેવા અનેક મોડ્સને સંકલિત કરશે જે મુસાફરોને સીમલેસ કનેક્ટિવિટી અને મુસાફરીમાં સરળતા પૂરીપાડશે. તેમણે માહિતી આપી હતી કે આ હબમાં એક જ સંકુલમાં કોમર્શિયલ, હોટેલ અને ઓફિસો ઉપરાંત અંદાજે ૧૩૦૦ વાહનો માટે ૪-સ્તરનું પાર્કિંગ હશે અને તેને દરરોજ અંદાજે એક લાખ મુસાફરોને હેન્ડલ કરવા અને અંદાજે ૭૦૦ વ્યકિતઓની વેઈટિંગ કેપેસિટી માટે ડિઝાઈન કરવામાં આવ્યું છે.

આગામી દિવસોમાં, મીડિયા પ્રતિનિધિ મંડળ ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ISRO), નેશનલ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી અને આઈકોનિક સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિત અનેક લેન્ડમાર્ક પ્રોજેક્ટ્સ અને સંસ્થાઓની મુલાકાત લેશે. મીડિયા ટૂર એ મીડિયા સાથે સહયોગી સંબંધ બાંધવા અને સરકારની મુખ્ય પહેલો અને સિદ્ધિઓ અંગેની માહિતીના વ્યાપક પ્રસાર માટે PIB નો પ્રયાસ છે.

•Printer/Publisher/Owner & Editor : Mahesh N. Patel. •Printed At :-Capital Offset Plot No L 801/1, Gidc, Sector -28, Gandhinagar •Published - At A-3, Plot No R-13, Tanishq Complex, New Greencity, Sector -26, Gandhinagar (Gujarat) 382028